RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 63* Date: 22.12.2022, Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભીડભાડમાં માસ્ક જરૂરી

## બૂસ્ટર ડોઝ ના લીધો હોય તો લઈ લેજો તે ફરજિયાત

**કોરોના પર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની બેઠક બાદ નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે કહ્યું છે કે ગભરાવાની કોઈ જરૂર નથી**



બેજીંગ,તા.૨૧

ચીન-અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશોમાં વધી રહેલા જીવલેણ કોરોના મહામારીના કેસને લઈને કેન્દ્ર સરકાર સતર્ક બની છે. કોરોનાને ફેલાતો રોકવા માટે કેન્દ્ર સરકારે નવી એડવાઈઝરી જાહેર કરી છે. કોરોના પર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની બેઠક બાદ નીતિ આયોગના સભ્ય ડૉ. વીકે પૉલે કહ્યું છે કે ગભરાવાની કોઈ જરૂર નથી. ભીડભાડવાળા વિસ્તારોમાં તમે જાવ ત્યારે તમે ઘર કે ઓફિસની અંદર કે બહાર હોવ તો પણ માસ્ક પહેરો. આ ઉપરાંત, જેમણે હજુ સુધી બૂસ્ટર ડોઝ નથી મેળવ્યો, તેઓએ શક્ય તેટલી વહેલી તકે બૂસ્ટર ડોઝ લઈ લેવો જોઈએ, જેથી કરીને કોરોનાને ફેલાતો અટકાવી શકાય.

ડૉ. વીકે પૉલે કહ્યું છે કે જો તમે ભીડવાળી જગ્યાએ, ઘરની અંદર કે બહાર હોવ, તો તમારે માસ્કનો ઉપયોગ કરવો જરૂરી છે. કોમોર્બિડિટીઝ ધરાવતા લોકો માટે તેમજ જેઓ વૃદ્ધ છે તેમના માટે આ વધુ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે અત્યાર સુધી માત્ર ૨૭ થી ૨૮ ટકા લોકોએ જ બૂસ્ટર ડોઝ લીધો છે. આપણે બૂસ્ટર ડોઝ મેળવનારાઓની સંખ્યા વધારવી પડશે. અમે અન્ય લોકોને, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને બૂસ્ટર ડોઝ મેળવી લેવા માટે અપીલ કરીએ છીએ. બૂસ્ટર ડોઝ ફરજિયાત છે અને બધા માટે સૂચવવામાં આવે છે.

આ ઉપરાંત બેઠકમાં જે નક્કી કરવામાં આવ્યું છે કે તેમાં મોનિટરિંગ વધારવામાં આવશે.,ટેસ્ટિંગનું પ્રમાણ વધારવામાં આવશે., રસીકરણનો વ્યાપ વધારવામાં આવશે.નવા વર્ષ અને તહેવાર પર કોઈ પ્રતિબંધ નથી.,દર અઠવાડિયે એકવાર બેઠક યોજાશે. ઉડ્ડયન માટે હાલ કોઈ સલાહ નથી. સરકારે કહ્યું કે હવે મોનિટરિંગ વધારવામાં આવશે. જો કે, તેમણે કહ્યું કે ક્રિસમસ, નવા વર્ષ અને તહેવારો પર કોઈ પ્રતિબંધ કે નિયંત્રણ લાદવામાં આવ્યા નથી. સરકાર હવે દર સપ્તાહે કોરોના મુદ્દે બેઠક યોજવામાં આવશે અને કોરોનાની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ તે મુજબ નવી એડવાઈઝરી જાહેર કરવામાં આવશે.કોરોનાએ એકવાર ફરીથી ચિંતાતૂર કરી મૂક્યા છે. જાપાન, દક્ષિણ કોરિયા, બ્રાઝિલ, ચીન, અમેરિકા જેવા દેશોમાં કોવિડ-૧૯ના કેસમાં હાલના સમયમાં થયેલા વધારા વચ્ચે સ્વાસ્થ્ય મંત્રાલયે દેશમાં મહામારીની સ્થિતિની સમીક્ષા કરી. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આજે ટોચના અધિકારીઓ અને વિશેષજ્ઞો સાથે મહામારીની સ્થિતિ પર સમીક્ષા બેઠક યોજી હતી આ બેઠકમાં નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલ, કોવિડ-૧૯ વર્કિંગ ગ્રુપ ડો. એન કે અરોડા,આઈસીએમઆરના ડીજી ડો. રાજીવ બહલ સહિત સ્વાસથ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. અત્રે જણાવવાનું કે મંગળવારે કેન્દ્રએ રાજ્યોને કોવિડના પોઝિટિવ મામલાઓના જીનોમ સિક્વેન્સિંગના નિર્દેશ આપ્યા હતા. તેનાથી જાણવા મળશે કે દેશમાં કોરોનાનો નવો વેરિએન્ટ તો નથી ને. ભારત પર હાલ જો કે કોઈ પણ પ્રકારના જોખમનો હેલ્થ એક્સપર્ટ્સ ઈક્કાર કરી રહ્યા છે. જો કે એક્સપર્ટ્સે તમામને સાવધાની વર્તવાની સલાહ આપી છે.

ચીનમાં કોરોના વાયરસથી મચી રહેલા હાહાકાર વચ્ચે સરકારે જોખમ પર આ અલર્ટ આપ્યું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કોવિડ અંગે દિલ્હીમાં એક ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી. જેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી ભારતી પ્રવીણ પવાર પણ હાજર રહ્યા. માંડવિયાએ બેઠક બાદ કહ્યું કે કોરોના હજુ ખતમ થયો નથી. તેનું જોખમ યથાવત છે. તેમણે જણાવ્યું કે ચીનમાં બગડતી સ્થિતિને ધ્યાનમાં રાખીને એક્સપર્ટ્સ સાથે બેઠક કરવામાં આવી. કોવિડ પર નિગરાણી વધારવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે. સરકાર દરેક પ્રકારની સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.

માત્ર ચીન જ નહી, પશ્ચિમના દેશોમાં પણ કોરોના મહામારીએ માથુ ઉચક્યું છે. અમેરિકા, જર્મની, ફ્રાન્સ, બ્રાઝિલ, જાપાન સહીતના વિકસીત દેશમાં કોરોનાના કેસ ચિંતાજનક સંખ્યામાં વધ્યાં છે. કોરોનાના કેસ વધવાની સાથે વિશ્વના અન્ય દેશમાં પણ ચિંતા પ્રસરી જવા પામી છે. ચીનના એક આરોગ્ય અધિકારીના જણાવ્યાનુંસાર વર્તમાન શિયાળાની ઋતુમાં ચીનમાં કોરોનાની વધુ એક લહેર આવશે. આ લહેરમાં ચીનની અડધોઅડધ વસ્તી લપેટમાં આવે તેવી સંભાવનાઓ જોવામાં આવી રહી છે. ચીન જેવી જ સ્થિતિ, વિશ્વના અન્ય દેશમાં પણ જોવા મળે તો નવાઈ નહી. વિતેલા દિવસોમાં ચીનમાં કોરોનાના દર્દીઓના મૃત્યુનો આંક દિવસેને દિવસે વધી રહ્યો છે. અમેરિકા, જર્મની, ફ્રાન્સ, બ્રાઝિલ અને જાપાનમાં ગઈકાલના માત્ર એક જ દિવસમાં ૧૦૦૦થી વધુ લોકોના મોત નિપજ્યાં હોવાના અહેવાલ સામે આવ્યા છે.કોરોનાના આંકડાઓના આધારે વિશદ છણાવટ સાથે અભ્યાસ કરતી વેબસાઈટ વર્લ્ડોમીટર અનુસાર, વિશ્વમાં ગઈકાલે કોરોનાથી સૌથી વધુ મૃત્યુનો આંક નોંધાયો છે. જેમાં અમેરિકામાં સૌથી વધુ મૃત્યુ નિપજ્યા છે. ત્યાર બાદના ક્રમમાં જાપાન, બ્રાઝિલ, જર્મની અને ફ્રાન્સ આવે છે. ગઈકાલ ૨૦ ડિસેમ્બરને મંગળવારના માત્ર એક જ દિવસમાં આ પાંચ દેશમાં ૧૦૦૦થી વધુ મૃત્યું નોંધાયા છે.

# અમારી સરકાર આવશે તો જમ્મુ કાશ્મીરમાં જન સુરક્ષા કાનુન રદ કરીશું : ઉમર અબ્દુલા

### દેશમાં કયાંય પણ (જન) સુરક્ષા કાનુન નથી ફકત જમ્મુ કાશ્મીરમાં આ કાનુન છે

શ્રીનગર,તા.૨૧

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ કહ્યું છે કે નેશનલ કોન્ફરન્સ (નેકાં) જો જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચુંટણીઓ બાદ સત્તામાં આવશે તો તે પહેલા જ દિવસે વિવાદાસ્પદ જન સુરક્ષા કાનુન (પીએસએ) રદ કરી દેશે ઉમરે અરૂણાચલ પ્રદેશમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે અથડામણને દુર્ભાગ્યપૂર્ણ બતાવતા કહ્યું કે બંન્ને દેશોએ પોતાના સંબંધોમાં સુધાર માટે કામ કરવું જોઈએ ઉમરે અનંતનાગ જીલ્લાના ડૂરૂમાં પાર્ટી કાર્યકર્તાઓથી કહ્યું કે કેન્દ્રે ફકત જુના કાનુનોને અહીં બનાવી રાખ્યા જેનાથી લોકોને પરેશાન કરી શકાય છે.દેશમાં કયાંય પણ (જન) સુરક્ષા કાનુન નથી ફકત જમ્મુ કાશ્મીરમાં આ કાનુન છે.

અબ્દુલ્લાએ કહ્યું કે મેં પહેલા પણ કહ્યું છે અને બીજીવાર કહી રહ્યો છું જયારે નેશનલ કોન્ફરન્સની સરકાર આવશે તો પહેલા જ દિવસે આ કાનુનને રદ કરી દેવામાં આવશે.

નેકાં સંસ્થાપક શેખ મોહમ્મદ અબ્દુલ્લાની નેતૃત્વવાળી સરકારે ૧૯૭૮માં યુવતીઓની તસ્કરી રોકવા માટે જન સુરક્ષા કાનુન લાગુ કર્યું હતું કેસ ચલાવ્યા વિના બે વર્ષ સુધી હિરાસતમાં રાખવાની જોગવાઈવાળા આ કાનુનનો ઉપયોગ ૧૯૯૦ બાદ આતંકવાદીઓ અને અલગાવવાદીઓની વિરૂધ્ધ કરવામાં આવ્યો.

કેન્દ્રે કલમ ૩૭૦ને રદ કરવા અને ૨૦૧૯માં જમ્મુ કાશ્મીરના પુનર્ગઠન બાદ રાજય વિધાનસભા દ્વારા પસાર મોટી સંખ્યામાં કાનુનોને હટાવી દીધા હતાં જો કે પીએસએ તે કેટલાક કાનુનોમાંથી એક છે જેને યથાવત રાખવામાં આવ્યો છે. અબ્દુલ્લાએ કહ્યું કે કલમ ૩૭૦ને રદ કરવી જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચુંટણીમાં એક મુદ્દો હશે જે કેન્દ્રના ઓગષ્ટ ૨૦૧૯ના પગલા બાદ પહેલીવાર હશે

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે તેમની સરકાર જમ્મુ કાશ્મીરના લોકોની ઓળખ અને હિતોની રક્ષા માટે તમામ પગલા ઉઠાવશે તેમણે કેન્દ્ર પર જમ્મુ કાશ્મીરમાં બહારી લોકોને લાવી સ્થાનીક લોકોના સંસાધન તથા નોકરીઓ છીનવવાનો આરોપ લગાવ્યો ઉમરે દાવો કર્યો કે ખનિજોના ખનનના ઠેકા બહારી લોકોને આપવામાં આવ્યો ત્યાં સુધી કે પત્ર પહોંચાડનારા ટપાલી પણ બીજા સ્થાનોથી લાવવામાં આવશે આપણા યુવાનોને આ નોકરીઓ માટે યોગ્ય સમજવામાં આવતા નથી

ચીન ભારત તનાવ પર અબ્દુલ્લાએ કહ્યું કે બંન્ને દેશોના સંબંધોમાં સુધાર માટે સાથે મળી કામ કરવું જોઈએ જો કે તેમણે કહ્યું કે ચીનને પણ ભારતની સાથે સારા સંબંધ સ્થાપિત કરવાની જવાબદારી લેવી જોઈએ તેમણે કહ્યું કે આપણે આપણા પડોસી દેશોથી સારા સંબંધ બનાવી રહ્યાં નથીપાકિસ્તાનની સાથે આપણા સંબંધોની સ્થિતિ તમામ જાણે છે પરંતુ ચીનની સાથે પણ સંબંધ બનાવી શકતા નથી તેમણે કહ્યું કે પડોસીઓની સાથે સંબંધો પર બાજપાઇ નીતિ ભારત માટે આદર્શ હશે. તેમણે કહ્યું કે મને અટલ બિહારી બાજપાઇના શબ્દ યાદ છે તેઓ કહેતા હતાં કે દોસ્ત બદલી શ કાય છે પરંતુ પડોસી નહીં .

# શ્રદ્ધા હત્યા કેસઃ આફતાબે જેલમાં પરિવારને મળવાનો ઈક્કાર કર્યો

દિલ્હી,

દિલ્હીના મહેરૌલીમાં તેની લિવ-ઈન પાર્ટનર શ્રદ્ધા વોલ્કરનું ગળું દબાવીને હત્યા કરી અને પછી તેના શરીરના ટુકડા કરનાર આફતાબ પૂનાવાલા તિહાર જેલમાં (રકિ ત્રકૈ્ન) બંધ છે. જેલ અધિકારીના જણાવ્યા અનુસાર આફતાબે તેના પરિવારના સભ્યોને મળવાની ના પાડી દીધી છે. તે તેની સાથે સેલમાં અન્ય કેદીઓ સાથે વાત પણ કરતો નથી.

રિપોર્ટ અનુસાર તિહાર જેલના એક અધિકારીને ટાંકીને કહ્યું કે ૨૯ વર્ષીય આફતાબ પૂનાવાલા ૨૬ નવેમ્બરથી તિહાર જેલમાં કેદ છે. આફતાબે હજુ સુધી જેલ પ્રશાસનને પરિવાર કે મિત્રોના નામ આપ્યા નથી, જે તેને જેલમાં મળી શકે. જેલ મેન્યુઅલ મુજબ, દરેક કેદીને જેલના ઈન્ટરવ્યુ રૂમમાં અઠવાડિયામાં બે વાર તેના પરિવારના સભ્યો અથવા મિત્રોને મળવાની છૂટ છે.

આફતાબ પૂનાવાલા શ્રદ્ધા વોકર હત્યા કેસનો મુખ્ય આરોપી છે. જેલ અધિકારીઓએ જણાવ્યું કે પૂનાવાલા એકલો રહે છે. તેણે તેના સેલમેટ્સને કહ્યું છે કે તે આ અઠવાડિયાના અંતમાં કોઈને મળવાની અપેક્ષા રાખે છે. એટલું ચોક્કસ છે કે આફતાબે હજુ સુધી કોઈનું નામ જેલ સુપ્રિટેન્ડેન્ટને સોંપ્યું નથી. આફતાબને અન્ય બે કેદીઓ સાથે સેલમાં રાખવામાં આવ્યો છે. તેનો સાથી કેદી, જેના પર ચોરીનો આરોપ છે. એ પણ સુનિશ્ચિત કરે છે કે તે પોતાને નુકસાન પહોંચાડે નહીં અથવા અન્ય કોઈ કેદી દ્વારા હુમલો ન થાય.આફતાબ તેના સાથી કેદીઓ સાથે બહુ ઓછી વાત કરે છે. તે હંમેશા વાંચવામાં સમય પસાર કરે છે. જેલ સુપ્રિટેન્ડેન્ટે આફતાબને મુલાકાત અને ફોનના ઉપયોગના નિયમો વિશે જાણ કરી હતી, પરંતુ તેણે કોઈને મળવાનો કે વાત કરવાનો ઈક્કાર કર્યો હતો. જેલ અધિકારીઓ પૂનાવાલાના વર્તનથી આશ્ચર્યચકિત છે કારણ કે તે ફોન પર તેના પરિવાર સાથે વાત પણ કરતો નથી. અધિકારીઓના મતે તે ફક્ત પોતાના વકીલ સાથે વાત કરે છે. પૂનાવાલાએ જેલ સત્તાવાળાઓને વિનંતી કરી છે કે તેમને માત્ર અંગ્રેજી પુસ્તકો અથવા નવલકથાઓ જ ઉપલબ્ધ કરાવવામાં આવે.

# તવાંગ મામલે ચર્ચાને લઈને સંસદમાં પ્રદર્શન, સોનિયાએ કહ્યુ સરકાર જલાબ આપે

બીજીંગ,તા.૨૧

ચીન સતત એલએસીમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, તાજેતરમાં તવાંગમાં થયેલી અથડામણ તેનો સૌથી મોટો પુરાવો છે.જયાં સેંકડો ચીની સૈનિકો ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જેનો ભારતીય સૈનિકોએ પીછો કર્યો હતો. આ સમગ્ર ઘટના બાદ કેન્દ્ર સરકાર વિપક્ષના નિશાના પર છે, કોંગ્રેસ સતત આને લઈને પીએમ મોદી અને સરકારને ઘેરવાનું કામ કરી રહી છે. રાહુલ ગાંધી બાદ હવે કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીએ પણ આ મુદ્દાનો ઉલ્લેખ કરીને મોદી સરકાર પર પ્રહારો કર્યા છે.

કોંગ્રેસ સંસદીય દળની બેઠકમાં સોનિયા ગાંધીએ ચીનના અતિક્રમણ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, ×સરકાર અડગ છે અને તેના પર ચર્ચા કરી રહી નથી.

# મધ્યપ્રદેશમાં કોંગ્રેસ સત્તામાં આવશે તો પહેલાની જેમ કિસાનોના દેવા માફ સાફ થશે : કમલનાથ



ભોપાલ,તા.૨૧

મધ્યપ્રદેશમાં કોંગ્રેસે વચન આપ્યું છે કે પાર્ટી જો રાજયમાં આગામી વર્ષ યોજાનારી વિધાનસભા ચુંટણીઓમાં જીત હાંસલ કરી સત્તામાં આવશે તો તે કૃષિ દેવા માફી યોજનાને ફરીથી શરૂ કરશે.જેને તેણે ૨૦૧૮માં સરકાર રચના બાદ લાગુ કરવામાં આવી હતી.પાર્ટીના મધ્યપ્રદેશ પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે આ જાહેરાત કરી છે કે જો તેમની પાર્ટીની સરકાર બનશે તો રાજયના દરેક કિસાનોના કૃષિ દેવા માફની યોજના લાગુ કરવામાં આવશે.તેમણે કહ્યું કે ગત વિધાનસભા ચુંટણી પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પાર્ટીના સત્તામાં આવવા પર રાજયમાં કૃષિ યોજના માફી યોજના લાગુ કરવાનું વચન આપ્યું હતું તે વચન પાર્ટીએ પુરૂ પણ કર્યું છે કારણ કે કમલનાથે ડિસેમ્બર ૨૦૧૮માં મુખ્યમંત્રીના રૂપમાં સોગંદ લીધા બાદ બે લાખ રૂપિયા સુધીના લોન માફ કરવાની ફાઈલ પર હસી કરી હતી.માનવામાં આવે છે કે પાર્ટીના જીતના મુખ્ય કારણોમાં કૃષિ લોન માફીનું વચન પણ સામેલ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં તે દિવસ જારી લોન માફી યોજનાના આદેશને સંયુકત કરતા કમલનાથે તેને ટ્વીટ કર્યું હતું.આ દિવસે ૧૭ ડિસેમ્બરે રાજયના કિસાનોની કર્જમાફીનો આદેશ જારી કરવામાં આવ્યું હતું જો હાલ લોકતાંત્રિક રીતે ચુંટાયેલી કોંગ્રેસ સરકાર હોત તો અત્યાર સુધી રાજયના એક એક કિસાનના દેવા માફ થઇ ગયા હતાં.કમલનાથે આશ્વાસન આપ્યું હતું કે રાજયમાં કોંગ્રેસની વાપસી થવા પર કિસાનોના દેવા માફ કરવામાં આવશે.તેમણે એક અન્ય ટ્વીટમાં કહ્યું કે ચિંતાની કોઇ વાત નથી આગામી વર્ષ કોંગ્રેસની સરકાર બનતા જ આ આદેશ બીજીવાર લાગુ થશે અને એક એક કિસાન ભાઈઓના દેવા માફ કરવામાં આવશે.કમલનાથના ટ્વીટ પર પ્રતિક્રિયા આપતા મધ્યપ્રદેશના ગૃહ મંત્રી નરોત્તમ મિશ્રાએ આ જાહેરાતને છેંતરપીડી ગણાવી છે.મિશ્રા મધ્યપ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વવાળી ભાજપ સરકારના પ્રવકતા પણ છે.

તેમણે કહ્યું કે એક પણ કિસાનનો બે લાખ રૂપિયા સુધીના કૃષિ લોન માફીનો લાભ મળ્યો નથી જેમ કે (કમલનાથ દ્વારા પોસ્ટ) આદેશમાં કહેવામાં આવ્યું છે. આ ટ્વીટ કિસાનોની ઈજા પર મીઠુ ભભરાવવા જેવું છે જે આ વચનના કારણે ડિફોલ્ટર થઇ ગયા છે.

## તંત્રી સ્થાનેથી...

# સત્તા ની સજાવટ

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ ની ચૂંટણીઓ પૂર્ણ થઈ કોંગ્રેસ ભાજપ આમ આદમી પાર્ટી બસપા સમાજવાદી પાર્ટી અને અન્ય નાના પક્ષો ચૂંટણીમાં ભાગ લીધો.. અંતે પરિણામમાં પ્રચંડ બહુમતી ભાજપ ૧૫૬ સીટ કોંગ્રેસ ૧૭ સીટ આમ આદમી પાર્ટી પાંચ સીટ અને ત્રણ અપક્ષ જીત હંસલ કરી અને અંતે અપક્ષ ગવર્નર પાસે જઈને ભાજપને પોતાનો ટેકો પણ જાહેર કર્યો. એક દિવસ વિધાનસભાના સત્રમાં ચૂંટાયેલા ધારાસભ્યો શપથ ગ્રહણ કર્યા અને મંત્રીમંડળની વચ્ચે વિધાનસભામાં બેસીને સૌપ્રથમ ગેરકાયદેસર મિલકતો ને કાયદેસર કરવા તેમાં પણ ઈમ્પેક્ટ ફી લેવાની અને તેને પણ એક જુદો ટ્રસ્ટ બનાવીને તેમાં મૂકવાની અને એનો શાસન વહીવટ પણ સરકાર નિમેલા ટ્રસ્ટ દ્વારા થવાનો. આવા ચૂંટણી જીતો આપેલા વચનો ગેરકાયદેસર અને કાયદેસર કરવું અને આવા ઘણા મહંમદ લગી નિર્ણયો શાસક સરકારમાં આવે પ્રચંડ બહુમતીથી જોવા મળે તો નવાઈ નહીં કેમકે કોંગ્રેસમાં તો જીતેલા ૧૭ એ ધારાસભ્યો નેતા જેવા છે કોઈ કોઈની હાથ નીચે કામ કરવા તૈયાર હોય તેવું દૂર દૂર સુધી ક્યાંય દેખાતું નથી.

ભારતીય જનતા પાર્ટીના ૨૭ વર્ષના શાસનમાં ગુજરાતની પ્રજાને ભાજપે ચાર લાખ કરોડ ના દેવાવાળી સરકાર માં અજબ ગજબના વિકાસની ગાથાઓ બનાવી પ્રજાને સરકારનો બદલાતો મુખ વતો આઈનામાં બતાવ્યો છે. અંદાજે ૫૦૦ કરોડથી વધારે ચૂંટણી માં સર્વ પક્ષીય ખર્ચ થયો હશે પરંતુ તેમાંથી કોઈને ગુજરાત સરકાર ના દેવાની ચિંતા હોય તેવું દેખાતું નથી કેમકે ચાર ચોપડી થી ૧૦ ચોપડી ભણેલા ધારાસભ્યો હવે મહિને ?૧,૩૭,૦૦૦ પગાર અને ભથ્થાઓ મેળવશે અને ?૧૦૦ ના દૈનિક ભાડાથી સરકારી આવાસ પણ ભોગવશે. આવવા નકલી વિકાસનો અને ભાજપના શાસકોનો આધુનિક દબદબો એ ગુજરાતની બુદ્ધિશાળી પ્રજાના મનમાં એક કોયડા સમાન છે.

ઘણા કરોડપતિ ધારાસભ્યો ચૂંટાયા છે છતાં કોઈએ પણ સરકારી સેવા લેવાનો ઈનકાર કર્યો નથી એવામાં ધોળકાના રાજકીય નાથ એવા ધારાસભ્ય પબુભા માણેક વિધાનસભા માં ઉચ્ચ અધિકારી પાસે ફોર્મ ભરતા જણાવ્યું કે મારે એક પણ પગાર કે એક પણ ભથ્થું લેવાનું નથી. આમ ભાજપના જ ચૂંટાયેલા આ ધારાસભ્યએ ભૂતકાળમાં જેમ જૂનાગઢના ધારાસભ્ય મહેન્દ્ર મશરૂમ ધારાસભ્ય તરીકેનો કોઈપણ પગાર કે ભથ્થા લેતા નહોતા તેવી આ ૨૦૨૨માં પહેલ પબુભા માણેકે કરી છે. અને બાકી તો બધા આ શાસક સત્તામાં પાંચ વર્ષ રજવાડું ભોગવતા જોવા મળશે. બહુમતી ભાજપની છે એટલે માત્ર વિભક્તિ ધારાસભ્યોએ માત્ર તેમના વિચારો અમે સલાહ સૂચનો વિધાનસભામાં આપવાના રહેશે બાકી ધાર્યું તો ઘણી ભાજપ નું જ થશે ..જેમકે આરોગ્ય કર્મચારીઓ હ ચૂંટણી પૂર્વે આંદોલન સમેટી લેવા પગાર વધારો મંજૂર કર્યો હતો અને ચૂંટણી જીત્યા બાદ આ વધારો સરકારે પાછા ખેંચવાનો નિર્ણય લઈ આરોગ્ય કર્મચારીઓ નુકશાન આપી કહી ને ફરી ગયા છે. આ છે પ્રચંડ બહુમતી નો પહેલો દાખલો....હજુ તો શરૂવાત છે..પ્રજાએ ના જોયેલા ખેલ હવે પાંચ વરસ માં આ સ્ટેમ્પ રાજ શાશન માં જોવા મળશે...

એક હિ આગ...જન ફરિયાદ....ગાંધીનગર

---

પાયકારા ધોધ
નાયગ્રા,
જોગનો ધોધ,
મોટા ભાગના ધોધ ,
વર્ટિકલ હોય છે.
ઉંચી ટેકરી પરથી,
પ્રવેગથી ,
નીચે પટકાતો હોય છે
પાયકારા ધોધ,
હોરિઝન્ટલ ધોધ છે!!
ટેકરી પરથી પટકાતો નથી!!
દૂધના હજારો ટેક્રરો ઠાલવ્યા ,
હોય તેવી,
ડિટર્જન્ટ બ્રાંડ શુભ્રતા છે!!
પુલ પણ બેઠો,
કે, ઉભો હોય છે.
ગજગામિની જેવી ચાલ છે,
હાથણી જેવી પહોળાઇ છે.
પાંચજન્ય શંખ જેવો નિનાદ છે.
કોઈની તમા કર્યા સિવાય,
ચાલી જતી માનુનીનો મિજાજ છે!!
બિસ્મિલ્લાખાનની શહનાઈ,
હરિપ્રસાદ ચોરસિયાની બાંસુરી,
શિવકુમારનું સંતુરવાદન,
જાકીર હુસેનનું તબલાવાદન,
બિથોવનનું સંગીત,
પંડિત ઓમકારનાથજીનું ગાયન,
પંડિત ભીમસેનનું ગાયન,
બિરજૂ મહારાજનું નૃત્ય ફિક્કું લાગે તેવો,
પાયકારા ધોધનું ,
કર્ણપ્રિય, કર્ણમંજુલ, કર્ણવિલાસી સંગીત છે!!
સાઉથની મનમોહક હીરોઇન કરતાં,
અદ્ભૂત સૌંદર્યરાશિ છે!!
પાયકારા નદી,
સ્વયં ધોધ છે!!
પાયકારા ધોધ,
નિહાળી ભરત ધોધ બની જાય છે!!
ભરત વૈષ્ણવ
પાયકારા ધોધ-નીલગીરી જિલ્લો, તામિલનાડું
૨૧.૧૨.૨૦૨૨.

---

# ખાલી બાટલાનો ફિલોસોફિકલ ઇન્ટરવ્યુ!!!

અચાનક ફોન રણક્યો.( ગિરધરભાઇ ફોન અચાનક જ રણકે. શો કોઝ નોટિસ કે સમન્સ કે જામીનલાયક કે બિનજામીનલાયક વોરંટ ઈસ્યું ન કરે. કૂકડાની જેમ ખાલી ફેંકાફેંક કરો છો!!)

સામા છેડે બખડજંતર ચેનલના સર્વેસર્વા બાબુલાલ બબુચક હતા.( બબુચક અમે સ્ટાફે પાડેલ નામ છે. બાબુલાલે વિગતો લખાવી અને કવરેજ કરવા હુકમ કર્યો.

હું -ગિરધરલાલ ગરબડીયા-સિનિયર રિપોર્ટર ( ભૈ જુનિયર કોઇ નથી એટલે જુનિયર એ જ સિનિયર કહેવાય છે. સિનિયર રિપોર્ટર રહેવાથી વજન પડે છે. જો કે, હું થીન વેફર જેવો હેવિવેઇટ છું.!!!)અને ઓલટાઇમ ગ્રેટ રાજુ રદી અમારી રામપિયારી લઇને સ્પોટ ખાતે પહોંચ્યા.

ગામને પાદર બાટલે બાટલા. પહેલી નજરે તો બાટલાનું ઓપન ગોડાઉન લાગે.

થોડો આગળ ગયા તો જેમ વિક્રમ વેતાળ વાર્તા ફેઇમ વેતાળ ઝાડ પર લટકતો હતું તેમ બાટલો લટકતો હતો!!

" તમને કેવું લાગે છે?" અમે બાટલાભાઇને પત્રકાર જગતમાં ઇન્ટરવ્યુ સમયે પૂછાતો પ્રશ્ન પૂછ્યો! ( એક વાર ગમખ્વાર અકસ્માતમાં નવજાત મૃતદેહને અમે આદતવશ આ સવાલ પૂછેલો. " બહું સારૂં લાગે છે." એમ કહી મડદાએ અમારી જાત બચાવેલી બોલો?!!)

" શું લાગે છે ? એની માનેપ.." બાટલો અકળાયો.

" સંયમ રાખો સભ્ય ભાષામાં જવાબ આપો"અમે વિનંતી કરી.

" પહેલાં મને નીચે ઉતારો.શરીર અકળાઇ ગયું છે, પ્લીલીલીઇઇઝ" અકળાયેલા બાટલાએ વિનંતી કરી.રાજુ અને અમોએ બાટલાને નજાકતથી વૃક્ષ પરથી નીચે ઉતાર્યો.

" હાશ.હવે જીવમાં જીવ આવ્યો હોય તેમ લાગે છે. હવે સમજાય છે કે પ્રભુ ઈશુને કેટલી યાતના થઇ હશે! મને તો સાલ્લાઓએ ત્રિશંકુની જેમ ચાર વરસથી લટકાવી દીધેલો!" બાટલો સડસડાટ બોલવા માંડ્યો.

" એ તો સમજ્યા ,પણ તમે વૃક્ષ લગી કેવી રીતે પહોંચ્યા ? તે વિશે જણાવશો?" અમે શ્રીયુત બાટલાને પૂછ્યું.

ધ્રુસ્કે ધ્રુસ્કે રડતા શ્રીમાનબાટલાચંદ્ર બોલ્યા," સર્વ સમસ્યાનું મૂળ રિકતતા, ખાલીપણુ, બિનઉપયોગીપણું છે."

"જરા વિગતે સમજાવશો?અમારી ( મંદ) બુધ્ધિ છે

" જુઓ. જ્યારે હું કચ્છડાની માફક છકડો બારે માસમાં આ મુફલીસના ઘરે આવેલો ત્યારે નંદઘેર આનંદ ભયો જય બાટલાલાલ કી ! મેં રીક્ષામાંથી ઉતર્યો ત્યારે હું ડઘાઇ ગયેલો.

કયાં હું મહેલોમાં મહાલનાર અને કયાં સુદામાની ઝૂંપડી ?" મને વાપરીને ચા, રોટલા, ખીચડી , શાક કરીને રાજી થયા. એક દિવસ સ્ટવમાં લાલ ભડકા થયા અને સ્ટવ બંધ થઇ ગયો. મને આમતેમ હલાવ્યો. હું ખાલી હતો. મારું અમે સ્ટવનું ટૂંકું સહજીવન પૂરું થયું. સ્ટવને માળિયે અને વૃક્ષના ગાળિયે." વધુ બોલતાં બાટલો આંસુ રોકી ન શકયો.અમે સાંત્વન આપ્યું .

" તમારી જગ્યાએ બીજો ભરેલો બાટલો ન આવ્યો ?" અમે પૂછયું.

" ટુંકી આવકમાં ચાર છેડા માંડમાંડ ભેગા કરતા હોય તેમને મોંઘા ભાવનો બાટલો કયાંથી પોસાય?" બાટલાકુમાર તિરસ્કારપૂર્વક બોલ્યા.

દુનિયાન તમારો સંદેશ શું છે?" અમે આખરી સવાલ કર્યો.

" દોસ્તો. ભરેલા રહો ત્યાં સુધી જ તમારી કિંમત છે. ખાલી ચણો વાગે ઘણો એવી કહેવત છે તે બાટલા કે બાટલા સમુદાયને લાગુ પડતી નથી.એકટરની ડીમાંડ હોય ત્યારે પ્રોડયુસર,ડિરેક્ટર, સ્પોન્સર્સ, એડવર્ટમેન્ટ એજન્સી, હીરોઇનની, ફેન્સની ભીડભાડ રહે છે. અન્યથા શેરીનું કૂતરાં સૂંઘવા જતા નથી. સન્નાટો, ખાલીપો, એકલતા, અવગણના, અપમાન માનવીને ઉધઇની જેમ કોરી નાંખે છે. માબાપ પાસે મિલકત હોય ત્યાં સુધી ગોળના દડબા પર માખી બણબણ તેમ સંતાનો આવશે. પણ મિલકત આપી દીધા પછી માબાપ ધરડાધરમા ધકેલાઇ જાય છે. મદિરાની બોટલની કિંમત ચાર સોથી લઇ કરોડ હોય પણ મદ્ય પીવાઇ જાય પછી ખાલી બાટલી રદીના ભાવે રૂપિયેરોડે વેચાઇ જાય છે! ટુથપેસ્ટ હોય ત્યાં સુધી જ ટયુબની કિંમત છે, ખાલી એટલું ખાલી. સાહેબ તમારી કિંમત પણ પાણીમાં આંગળી બોળીને પાછી લઇ લો પછી કશી જ નથી. ભગવાન આવતા ભવે કોઇ યોજનાનો નહીં પણ ઓપન બજારનો બાટલો બનાવે તેવી પ્રાર્થના કે જેથી વૃક્ષ પર બાટલાફાંસો ખાવો ન પડે!!

ચારે બાજુ કાચની કરચોની માફક ખાલીપો વેરાતો રહ્યો!!!


ભરત વૈષ્ણવ

૨૧.૧૨.૨૦૨૨.#

હાસ્યલેખ

---

# આધ્યાત્મિકતા એટલે દરેક કાર્ય માં પ્રેમ - સંત રાજીન્દર સિંહજી મહારાજ



આધ્યાત્મિકતા એટલે દરેક કાર્ય માં પ્રેમ. તેનો અર્થ એ છે કે આપણી આધ્યાત્મિક સંપત્તિનો આનંદ માણીએ અને આપણે મળતા બધા સાથે તેને વહેંચીએ. આપણે આપણી આધ્યાત્મિક રીતભાત અને આપણા દુન્યવી જવાબદારી સાથે સંતુલિત કરવાનું શીખી શકીએ છીએ, પોતાની અંદરના ફળનો આનંદ લઈશું તો બીજા માણસો સાથે પ્રેમ કરવાનુ શીખીશુ.અંદરની તરફ જોવાનો અર્થ એ છે કે આપણે આંતરિક આધ્યાત્મિક આનંદ ની સ્થિતિમાં છીએ. અમે ભગવાન અને બધા જીવન સાથે આપણી આત્માની જોડાયા છીએ. આપણા આત્માની ઓળખ સાથે આવતી નિર્ભીકતા દ્વારા આપણે મજબૂત થઈએ છીએ. જે રીતે કમ્પ્યુટર મોનિટર હાર્ડ ડ્રાઈવ થી કનેક્ટ થયેલ છે અને તેમાંથી ડેટા પ્રાપ્ત કરી શકે છે, તેવી જ રીતે આપણે સ્રોતથી બધી શાણપણ, બિનશરતી પ્રેમ અને આનંદ સતત પ્રવાહ મેળવી શકીએ છીએ. આપણે દરરોજ ધ્યાન માટે ચોક્કસ સમય ફાળવે છે, પરંતુ ધ્યાનમાં ન હોવા છતાં પણ આપણે આપણી આત્મા સાથે સુસંગત હોઈએ છીએ. દિવસભર, આપણે આપણા કાર્ય કરતા હોઈએ છીએ, આનંદ આપણા દ્વારા રેડવામાં આવે છે, નિર્ભયતા અને શક્તિ આપણને ટકાવી રાખે છે, અને આપણે આધ્યાત્મિક મૂલ્યો ના આધારે કાર્ય કરવાની શક્તિ આપે છે.જ્યારે આપણે આપણા આત્માની આંખો દ્વારા બાહ્ય વિશ્વને જુએ છે, ત્યારે આપણે છોડ અને પ્રાણીઓમાં પણ ભગવાનનો પ્રકાશ ઝળહળતો જોતા હોઈએ છીએ, અને આપણે આપણી જીંદગી એવી રીતે જીવવાનું શરૂ કરીએ છીએ કે બધા જીવોને સાચવી શકાય. જેમ જેમ આપણે આધ્યાત્મિક રીતે વિકસે છે, આપણે પ્રાણીઓ અને છોડ સહિત અન્ય ને વધુ સ્વીકાર્ય બનીશું. જ્યારે અમે અન્ય લોકો અને જીવનના તમામ પ્રકાર સાથે વ્યવહાર કરીએ છીએ ત્યારે અમે વધુ આપવાનું અને કાળજી લેવાનું બનીએ છીએ.

જ્યારે આપણે સંતો અને રહસ્યોના જીવનની તપાસ કરીએ છીએ, ત્યારે આપણે જાણીશુ કે તેઓએ પોતાનું જીવન અન્ય સહાય કરવામાં સમર્પિત કર્યું છે. તેઓ હંસ જેવા હતા જે પાણીમાં રહે છે પણ શુષ્ક પાંખોથી ઉડે છે. જ્યારે તેઓ સર્જક સાથે સર્જન કરે છે, તે હજી પણ જીવનમાં સંપૂર્ણ રીતે ભાગ લેતા અન્યની વચ્ચે રહે છે.

આપણે પણ આ અવસ્થા પ્રાપ્ત કરી શકીએ છીએ. ધ્યાનમાં દરરોજ સમય પસાર કરીને, આપણે આપણા આત્માની શક્તિ શોધી શકીએ, અમરત્વ, પ્રેમ, નિર્ભયતા, જોડાણ અને આનંદથી આપણા જીવનને સમૃદ્ધ બનાવે છે.

---

# ક્ષમા- નાતાલનો સંદેશ

૨૫મી ડિસેમ્બરને નાતાલ કે ક્રિસ્ટમસ તરીકે ઓળખવામાં આવે છે. નાતાલ એ ક્રિશ્ચયન લોકોનો બહુ મોટો તહેવાર છે. નાતાલના દિવસે ક્રિશ્ચયન લોકો નવા વસ્ત્રો તથા અલંકારોથી શણગાર કરે છે, પોતાના ઘરોની સાફ સફાઈ કરી ઘર સુસજ્જ કરે છે, ઘરના આંગણામાં રંગોળી પૂરે છે અને રાત્રે પોતાના ઘરોમાં રંગબિરંગી રોશની તથા રંગીન તારા વિગેરેથી સજાવટ કરે છે.

ખ્રિસ્તી ધર્મના આદ્ય સ્થાપક શ્રી ઈશુ ખ્રિસ્તના માનમાં નાતાલનું પર્વ મનાવવામાં આવે છે. ઈશુ ખ્રિસ્તને ઘણાં લોકો જીસસ ક્રાઈસ્ટ તરીકે અને ઘણાં લોકો ઈશા મસીહ તરીકે પણ ઓળખે છે.

ઈશુ ખ્રિસ્તનો જન્મ ૨૫મી ડિસેમ્બરના રોજ જેરૂસલેમના બેથલેહેમ ગામમાં એક ગમાણમાં માતા મૅરીની કૂખે થયો હતો. એવું કહેવાય છે કે, ઈશુ જન્મ્યા તે વખતે ગમાણમાં દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો હતો અને તેથી જ ખ્રિસ્તી સમૂદાય પ્રકાશ તથા રોશનીને વધારે પ્રાધાન્ય આપે છે.ઈશુના પિતાજીનું નામ જોસેફ હતું.ઈશુ જન્મથી જ દિવ્ય અને અલૌકિક શક્તિઓ ધરાવતા હતા.જીસસ ક્રાઈસ્ટે ખ્રિસ્તીઓના પવિત્ર ગ્રંથ બાઈબલ (Bible) ની રચના કરી હતી. બાઈબલ મૂળ તો હિબ્રુ (Hebrew) ભાષામાં લખાયું હતું,પરંતુ ખ્રિસ્તી ધર્મના ફેલાવા સાથે, ધીમે ધીમે , દુનિયાની તમામ ભાષાઓમાં બાઈબલનો તરજુમો (અનુવાદ) થઈ ગયો છે કે જેથી ખ્રિસ્તી ધર્મ પાળતો દરેક વ્યક્તિ આસાનીથી બાઈબલનું પઠન કરી શકે.

નાતાલનો સંદેશો ક્ષમા સાથે જોડાયલો છે. કોઈ વ્યક્તિનો અપરાધ ક્ષમા કરવો એ બહુ મહાન બાબત છે.ઈશુ ખ્રિસ્ત હંમેશા કહેતાં કે, કોઈ વ્યક્તિથી જાણેઅજાણે કોઈ ગુનો,અપરાધ કે ભુલ થઈ ગઈ હોય અને જો તમો એને દંડ કે શિક્ષા કરશો તો એ બેવડા ગુના કરશે, પરંતુ તેનો અપરાધ માફ કરી તેને ક્ષમા આપવામાં આવશે તો તેનો અંતરાત્મા જાગશે તથા તેને પશ્ચાતાપના ભાવ આવશે અને તે ફરીથી ભુલનું પુનરાવર્તન નહીં કરે. ઈશુ સાથે નીચે મુજબની એક કથા જોડાયલી છે.

એક વખત એક ગામમાં અમુક ગ્રામ્યજનો ભેગાં મળીને એક વિધવા, નિઃસહાય,લાચાર અને નિરાધાર સ્ત્રીને જાહેર રસ્તા ઉપર લાવીને મોટા પત્થરોથી મારતા હતાં.તે વખતે જોગાનુજોગ ઈશા મસીહ એ રસ્તેથી પસાર થતાં હતાં.પેલી નિરાધાર બાઈ ઈશા મસીહને કરગરવા લાગી ×મને બચાવો, આ લોકો મને પત્થરો મારીને મારી નાંખશે×. ઈશુએ ગ્રામ્યજનોની પૃચ્છા કરી કે,તમે બધાં ભેગાં મળીને શા કારણે ,આ નિરાધાર બાઈને મારો છો, એનો અપરાધ શું છે, એ મને જણાવો.ગ્રામજનો બોલ્યા કે,આ સ્ત્રી કુલટા છે, હલકા અને ભ્રષ્ટ ચારિત્ર્યની છે, તે આ ગામમાં રહેવાને લાયક નથી.તે વખતે પ્રભુ ઈશુએ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને તમામ ગ્રામ્યજનોને પૂછ્યું કે, આ સ્ત્રી આવા ગંદા કામ કેમ કરે છે એ જાણવાની તમારામાંથી કોઈએ તસ્દી લીધી છે ખરી? તમોએ ક્યારેય આ બેહાલ સ્ત્રીને બે પૈસાની મદદ કરી છે ખરી? કઈ મજબૂરી એને આવુ હીનકૃત્ય કરવા પ્રેરે છે,એ બાબતનો વિચાર સુધ્ધાં કર્યો છે ખરો? તમો જ્યારે એને કોઈ મદદ નથી કરી શકતા તો એને દંડ દેવાનો તમોને કોઈ હક્ક કે અધિકાર નથી. બીજુ તમો બધાં એમ સમજતા હોય કે, આ બાઈ પાપિણી અને દુરાચારિણી છે તો તમારામાંથી મને એક માણસ એવો બતાવો કે એણે એના જીવનમાં કોઈ પાપ ના કર્યુ હોય કે જાણેઅજાણે કોઈ ગુનો કે અપરાધ ના કર્યો હોય.આ સાંભળી બધાં શરમિંદા થઈને નતમસ્તક ઉભા રહી ગયાં. ઈશુ ખ્રિસ્ત અહીં બહુ સરસ બોલ્યાં કે " First clean your mind and then justice others" મતલબ કે, પહેલાં તમે પોતે તમારૂ મન સાફ કરો અને પછીથી બીજાનો ઈન્સાફ કરો.

ઈશુ ખ્રિસ્તના આવા માયાળુ સ્વભાવ અને વિચારશરણીથી પ્રેરાઈને ધીમેધીમે લોકો બહોળા પ્રમાણમાં એમના અનુયાયીઓ બનવા લાગ્યા હતાં.આથી રોમન સમ્રાટ હેરોદ બહુ ક્રોધે ભરાયો હતો એથી ઈશુને સજા આપવાના ભાગ રૂપે એમના માથા પર કાંટાળો તાજ પહેરાવીને, લાકડાના વધસ્તંભ પર હાથે અને પગે લોખંડના મોટા ખીલા મારીને,માનવતા નેવે મૂકીને ભયંકર ક્રૂરતા આચરી હતી. આટલો બધો અસહ્ય જુલમ સહેવા છતાંપણ પ્રભુ ઈશુએ પ્રાર્થના કરી કે, હે પ્રભુ તું આ લોકોના ગુનાને માફ કરી દે અને કોઈ સજા કરીશ નહીં, તેઓને ક્ષમા બક્ષજે. આમ આવા અવતારી દિવ્યાત્માઓ, પોતાના જ્ઞાન થકી લોકહૃદયે વસવાનું અને લોકોને સાચી રાહ પર લાવવાનું માધ્યમ બને છે. આમ નાતાલનું પર્વ ક્ષમા સાથે સંકળાયલુ છે.

યોગેશભાઈ આર જોશી

હાલોલ: ૩૮૯૩૫૦,

જિ.પંચમહાલ

---

# મધ્યપ્રદેશના માનસિંહભાઈનાં જીવનનું એક જ લક્ષ્ય છે ગાંઠનું ગોપીચંદ કરીને પણ દેશીબીજનું જતન-સંવર્ધન કરવું: ૬૦૦ જેટલી પ્રજાતિનું એકલા હાથે જતન-સંવર્ધન કર્યુ

**માનસિંહભાઇ ગુર્જરની મહેનત અને લગનથી પ્રભાવિત થઇને તેમના પ્રેરણાદાયી કાર્ય માટે રાજ્યપાલશ્રીએ રૂ. ૫૧ હજારના પુરસ્કારથી તેમનું સન્માન કર્યું**

**પ્રાકૃતિક કૃષિના ચમત્કારે માનસિંહભાઇ ગુર્જરને દેશી બીજના જતન-સંવર્ધન માટે પ્રેરણા આપી: ચોખાની ૨૩૦ પ્રજાતિ, ઘઉંની ૧૦૮ પ્રજાતિ અને શાકભાજીની ૧૫૦ પ્રજાતિના બીજનો સંગ્રહ ધરાવે છે**

**માનસિંહભાઇએ વિકસાવેલી વંદના પ્રજાતિની દુધીની લંબાઇ ૭ ફૂટ: ૩૦ કિલો વજનનું તડબૂચ, ૨૨ કિલો વજનની દુધી, સાડા ત્રણ ફૂટના ગલકાં-તુરિયા અને ત્રણ કિલો વજનનું રીંગણ જોઇને લોકો આશ્ચર્યચકિત થાય છે**

પ્રાકૃતિક કૃષિની સાથે જો દેશી બીજનું વાવેતર કરવામાં આવે તો ચમત્કારિક પરિણામ મેળવી શકાય છે. મધ્યપ્રદેશના પાંચસોની વસતી ધરાવતા હોશંગાબાદ જિલ્લાના બનખેડી તાલુકાના ગરધા ગામના રહીશ માનસિંહભાઇ ગુર્જરે તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની રાજભવન ખાતે મુલાકાત લઇને તેમણે પોતે વિકસાવેલી સાડા પાંચ ફૂટ લાંબી દેશી પ્રજાતિની દુધીની સાથે તેમણે વિકસાવેલાં અને સાચવેલાં વિવિધ દેશી બીજ તેમજ વિવિધ કૃષિ ઉત્પાદનોના નમૂના પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે તેમણે એકલા હાથે ૬૦૦ પ્રજાતિના દેશી બીજનું જતન-સંવર્ધન કરવા અંગે રાજ્યપાલશ્રીને જણાવ્યુ હતુ. પ્રાકૃતિક કૃષિ અને દેશીબીજના જતન-સંવર્ધનની તેમની લગન અને મહેનતથી પ્રભાવિત થઇને રાજ્યપાલશ્રીએ તેમને ૫૧ હજાર રૂપિયાનો ચેક પુરસ્કાર સ્વરૂપે અર્પણ કર્યો હતો. આ પ્રસંગે પોતાની ખુશી વ્યક્ત કરતા માનસિંહભાઇ જણાવે છે, "મારી મહેનત રંગ લાવી છે....દેશી બીજના વાવેતર સાથે છેલ્લાં પંદર વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરું છું, ત્યારે રાજ્યપાલશ્રીના હસ્તે આ પુરસ્કાર મેળવીને હું ધન્યતા અનુભવું છું." તેમણે ૫૧ હજારના પુરસ્કારની વાત ઘરના સભ્યોને મોબાઇલ દ્વારા જણાવી ત્યારે તેમના પરિવારજનો પણ ખુશ થયા હતા.

માનસિંહભાઇએ દેશી બીજની જાળવણી ઉપરાંત કેટલીક જાત પોતે પણ વિકસાવી છે. તેઓ સફેદ કારેલાં, લાલ ભીંડી, કાળાં મરચાં, જાંબલી વાલોળ જેવા પ્રાકૃતિક કૃષિની મદદથી મેળવેલા ઉત્પાદનો પણ સાથે લાવ્યા હતા. માનસિંહભાઇ જણાવે છે કે, તેઓ પંદર વર્ષના હતા ત્યારથી દેશીબીજનું જતન-સંવર્ધન કરે છે. આજે તેમની પાસે ચોખાની લગભગ ૨૩૦ દેશી જાત, ઘઉંની ૧૦૮ જાત અને જુદાં જુદાં શાકભાજીના ૧૫૦ જાતના દેશીબીજનો સંગ્રહ ઉપલબ્ધ છે. દેશીબીજના ઉત્પાદન અંગે તેઓ જણાવે છે કે, ૧૫ એકરના ખેતરમાં તેઓ નિયમિત રીતે બે એકર જેટલી જમીનમાં દેશીબીજનું પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી વાવેતર કરી બીજ નિર્માણ કરે છે. તેઓ અન્ય ખેડૂતોને પણ વિનામૂલ્યે દેશી બીજ આપી તેના વાવેતર માટે પ્રેરણ આપે છે. વાવેતર માટે આપેલાં એક કિલો દેશી બીજના બદલાંમાં તેઓ ઉત્પાદન બાદ દોઢ - બે કિલો બીજ ખેડૂત પાસેથી પાછા મેળવે છે, આથી તેમના બીજ સંગ્રહમાં વૃદ્ધિ થતી જાય છે.

માનસિંહભાઇએ પ્રાકૃતિક કૃષિ દ્વારા દેશીબીજની મદદથી ચમત્કારિક પરિણામો મેળવ્યા છે. તેમની પાસે રહેલાં બીજનું પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી વાવેતર કરીને તેઓ સાત ફૂટ લાંબી દુધીનું ઉત્પાદન મેળવે છે. બીજી એક પ્રજાતિની દુધીનું વજન ૨૨ કિલો છે. તેમના ખેતરમાં ઉગતા ૩૦ કિલો વજનનું તડબૂચ, સાડા ત્રણ ફૂટ લાંબા ગલકાં-તૂરિયા હોય કે ત્રણ કિલો વજનનું રીંગણ હોય લોકો આ ઉત્પાદનોને જોઇને આશ્ચર્ય ચકિત થઇ જાય છે. માનસિંહભાઇ કહે છે, "આ પ્રાકૃતિક કૃષિ અને દેશી બીજનો ચમત્કાર છે. દેશી બીજ આપણી ધરોહર છે, કોઇકે તો જતન કરવું જ પડશે." તેમની વાત સાચી છે. આજે તેઓ એકલા હાથે દેશી બીજની ૬૦૦ જેટલી પ્રજાતિ ધરાવે છે. અને સતત તેનું જતન-સંવર્ધન કરતા રહે છે. તેઓની એક જ ધૂન છે. દેશી બીજને બચાવવા.. તેઓ કહે છે દેશી બીજને બચાવવું પુણ્યનું કાર્ય છે. તેમના જીવનનું લક્ષ્ય છે... દેશી બીજની બેક્ર બનાવવી અને આ બીજબેક્રનું બેલેન્સ સતત વધારતું રહેવું.

પ્રાકૃતિક કૃષિને માનસિંહભાઇ ગુર્જર ખેડૂતો માટે આશીર્વાદરૂપ માને છે. તેઓ જણાવે છે કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત દ્વારા પ્રાકૃતિક કૃષિનું જે જનઅભિયાન ચલાવવામાં આવે છે તે ઇશ્વરીય કાર્ય છે. પ્રમાણિકતાથી પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે તો ચમત્કારિક પરિણામ મળે છે. તેમણે પ્રાકૃતિક કૃષિના ચમત્કારને પોતાનાં ખેતરમાં જોયો છે. રાસાયણિક કૃષિથી પ્રતિ એકર ઘઉંનો ઉતારો ૧૨ થી ૧૪ ક્વિન્ટલ મળે છે જ્યારે તેમના ખેતરમાં તેઓ પ્રાકૃતિક કૃષિ દ્વારા ઘઉંનું પ્રતિ એકર ઉત્પાદન ૧૫ થી ૧૬ ક્વિન્ટલ મળે છે. રાસાયણિક કૃષિમાં શેરડી પ્રતિ એકર ૪૦૦ ક્વિન્ટલ સામે પ્રાકૃતિક કૃષિથી તેઓ પ્રતિ એકર ૫૫૦ ક્વિન્ટલ શેરડીનું ઉત્પાદન મેળવે છે.

પ્રાકૃતિક કૃષિથી મેળવેલી શેરડીનો સાંઠો ૧૭ થી ૧૮ ફૂટ ઉંચાઇ ધરાવે છે. જેનું વજન પણ રાસાયણિક કૃષિ કરતા બમણું હોય છે. તેઓ જણાવે છે કે, પ્રાકૃતિક કૃષિ અને દેશીબીજથી ખેતી કરો તો ખેતરમાં રોગ નથી આવતો. ગમે તેટલો વરસાદ પડે તો પણ જમીન એટલી નરમ હોય છે કે, પાણી ધરતીના પેટાળમાં સમાઇ જાય છે. પ્રાકૃતિક કૃષિમાં પાણીની ૫૦ ટકા બચત થાય છે.

પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ અંગે તેઓ જણાવે છે કે, એક વખત ખેડૂતમાં વિશ્વાસ બેસે અને ઉત્પાદનમાં ગુણવત્તાની ખાતરી મળે પછી લોકો પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનના બમણાં ભાવ આપવા પણ તૈયાર હોય છે. તેઓ જણાવે છે, "મારે મારાં ઉત્પાદનો બજારમાં વેંચવા જવું પડતું નથી. ખેતરબેઠાં બમણાં ભાવે મારા ખેત ઉત્પાદનો લોકો લઇ જાય છે." તેમણે ખેતરમાં જ પથ્થરવાળી ઘંટી રાખી છે તેની મદદથી વેલ્યુ એડિશન કરી મગદાળ, ચણાદાળ વગેરે તૈયાર કરી તેઓ વેંચે છે. પ્રાકૃતિક કૃષિની પ્રેરણા તેમણે પિતાજી પાસેથી મેળવી હોવાનું જણાવતા તેઓ કહે છે, "મારા પિતાજી વર્ષોથી પરિવારના ઉપયોગ માટે એક એકર જેટલાં ખેતરમાં રાસાયણિક ખાતર કે જંતુનાશકોના ઉપયોગ વિના ખેતી કરતા અને પરિવાર માટે શુદ્ધ ખાદ્યાન્ન મેળવતા. મેં પિતાજી પાસેથી પ્રેરણા મેળવીને વર્ષ ૨૦૧૦થી પંદર એકરના ખેતરમાં એક ઝાટકે પૂરી વિધિથી પ્રાકૃતિક કૃષિ અપનાવી. મારું ઉત્પાદન જરાય ઘટ્યું નથી, ઉલટાનું ગુણવત્તા ધરાવતા ઉત્પાદનોના વધુ ભાવ મળે છે."

રાજ્યપાલશ્રીએ માનસિંહભાઇની પ્રાકૃતિક કૃષિ અને દેશીબીજના જતન સંવર્ધનની લગન જોઇને પ્રસન્નતા વ્યકત કરીને ૫૧ હજારનો ચેક પુરસ્કાર રૂપે આપ્યો ત્યારે તેમને હવે એ વાતની ખુશી છે કે, દેશી બીજની પ્રજાતિઓ લુપ્ત ન થઇ જાય તેની સંભાળ લેવાની તેમની મહેનત ફળી છે. તેમનું સપનું છે દેશીબીજની બેંક બનાવવી જેથી ખેડૂતો પણ તેમના દેશીબીજને સંરક્ષિત કરી શકે. તેમની લગન અને આત્મવિશ્વાસ ઉપરથી તો એવું ચોક્કસ કહી શકાય કે તેમનું સપનું અવશ્ય સાકાર થશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No - 120
શબ્દ : શુભ ઘડી
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : શુભ ઘડી
શબ્દો : ૮૪
હા મારે આંગણિયે આવી રહી શુભ ઘડી,
સૌ હેતથી વધાવીએ અવસરની શુભ ઘડી.
સાહિત્ય સરિતાનો અનેરા ઉત્સવની શુભ ઘડી,
સાહિત્યકારોને મનભરી માણવાની શુભ ઘડી.
નવું જાણવા-માણવા ઉત્કંઠાની આવી શુભ ઘડી,
હેત-પ્રિત થી વધારવાની આવી રહી શુભ ઘડી.
ધરતીનાં ચારેકોરથી માણવા માટે ની શુભ ઘડી
દેશ-વિદેશના લોકોને માણવાની આવી શુભ ઘડી.
આપણો પોતીકો રૂડા અવસરની છે શુભ ઘડી,
સૌ સાથે મળીને માણીએ આપણી શુભ ઘડી.
અફસોસ છે કે હું માણી શકીશ નહીં શુભ ઘડી,
'રમા' હૃદયથી પ્રાર્થે શુભ ઘડી સૌને રાખે શુભ ઘડી.
ડૉ રમીલા ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

------------------------------------------------

NOG SS N0 : 0089
વિષય : શુભ ઘડી
શીર્ષક : આવી પહોંચી
લેખિકા: પ્રવિણા કડકિઆ

———

જ્યારે પણ કોઈ શુભ કાર્ય કરવાનું હોય ત્યારે " એ શુભ ઘડી" ક્યારે આવશે તેની કાગડોળે રાહ જોઈએ છીએ.

જો લગ્નનો પ્રસંગ હોય તો આંગણે શરણાઈના સૂર રેલાઈ રહે.

જો દીકરો જન્મે તો આખા ગામમાં પેંડા
સહુને મળે એનું ખાસ ધ્યાન રખાય.

જો દીકરીની પધરામણી થાય તો ગરમા ગરમ જલેબીની લહાણી થાય.

શુભ ઘડી અને શુભ અવસરના ઉમંગ અને ઉત્સાહથી કયો ગુજરાતી અજાણ્યો છે ?

સ્નેહ મિલનના શુભ અવસરના ઘડીઓ ગણાઈ રહી છે. મહેમાનોની ચહલ પહલનો પગરવ આટલે દૂર સંભળાય છે.

મિત્રો એકબીજાને મળવા આતુર છે. સંયોજકો ધુમ તૈયારીમાં ગરકાવ છે.

જેમણે કૃતિઓ રજૂ કરવાની છે તેમના હૈયામાં તરવરાટ જણાય છે.

" આજનો લહાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે."

દૂર દૂરથી આવનાર મહેમાનોની સગવડના સચવાય તેની તડામાર તૈયારી થઈ ચૂકી છે.

સહુ હળી મળીને આ અવસર દીપી ઉઠે એવા પ્રયત્નો આદરી રહ્યા છે.

સાહિત્ય સરિતાના સંચાલક અથાગ
પ્રયત્નો કરી આંગણે આવેલાં સહુ મિત્રોને પ્રેમથી આવકારી તેમના સાથ
અને સહકાર દ્વારા " સ્નેહ મિલનના" આ પ્રસંગને સુંદર રીતે ઉદ્વેગ તેવી મંગલ કામના .

ગેરહાજરીમાં હાજરીનો અનુભવ આગ્રહ પૂર્વક કરશો !
અનેરા ઉત્સાહથી આ પ્રસંગ દીપાવશે .

------------------------------------------------

N.O. G. SS .NO-0026
વિષય - શુભ ઘડી.
નામ - અંજના ગાંધી 'મૌન'
ગામ- વડોદરા
શીર્ષક - એય નક્કી છે!
દરેક દિવસ હો સોનાનો, દરેક પળ હોય શુભ ઘડીઓ!
છતાં છે ફળ સૌ છે કર્મોનાં, ફળે કે ના ફળે પાછું.
કરે કુદરત સદા રચના મળે આવીને સંજોગો,
ખુશી થાતી કોઈ ઘરમાં, કશે માતમ છવાયા હો.
થશે શુભ સૌ, રહે શુભ સૌ, કરો છો પ્રાર્થના દિલથી,
ટળે છે ઘાત પણ સાચે, થશે શુભ એય નક્કી છે.
શકન જોયાં વગર પણ આપ નિકળો આપનાં ઘરથી,
હશે વિશ્વાસ ખુદ પર તો બધું યે લાભ-શુભ થાશે!
મહોત્સવ એક મળવાનો, અનેરો એક ઉત્સવ પણ,
બધાંની યાદમાં રહેવું કહો કે શુભ અવસર છે!
અંજના ગાંધી 'મૌનુ'
વડોદરા

------------------------------------------------

NOG S.S NO. 0032
વિષય: શુભ ઘડી
શીર્ષક- પગલીઓનો રણકાર
અમારું એક અણમોલ અને સુંદર સ્વપ્ન હતું
કે આપણે દીકરીનાં માબાપ બનીએ તો કેવું..?
નાની હશે તયારે પા..પા પગલી કરી એની
આંગળી ઝાલી ફેરવીશું.
પા પા પગલી પગલી પાડશે..
મમ્મા.. પાપા બોલશે..
મીઠુ મીઠુ બોલશે..
મોટી થશે ત્યારે કન્યાદાન કરશું.
સુખ દુ:ખમાં આપણાં આંસુ લૂછશે.
અને હાં અમારું સ્વપ્ન થયું આજ પૂરું.
એ શુભ ઘડી આવી આજ..
ધન્ય ઘડી ધન્ય ભાગ..
ધન્ય થયા આજ અમે..
દુનિયાનું સુખ જાણે અમારી ઝોળીમાં .
દીકરીનાં થયા માત પિતા અમે..
હૃદય સમી દીકરીની પગલીઓ ચૂંમી અમે.
નાની પગલીઓના હકકદાર બન્યા અમે.
ક્યારે આ પગલીઓ પા...પા ..પગલી પાડશે..
ક્યારે આ પગલીઓની ઘૂઘરીઓના સૂર
રણકશે એ રાહે.....
માતપિતા.
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ

------------------------------------------------

NOG SS N0/0044
વિષય:- આવી શુભ ઘડી
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- યાદગાર સંભારણું.
શબ્દો:- ૧૯૩

વિદાય લેતું ૨૦૨૨નું વર્ષ આપણાં સાહિત્ય સરિતા ગ્રુપના સભ્યો માટે યાદગાર સંભારણું બન્યું.ન્યુઝ ઓફ ગાંધીનગર ગુજરાત અને જન ફરિયાદનાં તંત્રી અને સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલને એક શુભ ઘડીએ સ્નેહ મિલનનો વિચાર આવ્યો, ગ્રુપમાં મૂકતાં જ સૌએ વધાવી લીધો.

દરેક કૃતિ સાથે રચયિતાનો ફોટો મૂકવાનો હોવાથી સૌ એકબીજાથી પરિચિત, રૂબરૂ મળવાની શુભ ઘડી ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ અમદાવાદ મુકામે નિર્ધારિત થઈ.


શ્રી પ્રદીપભાઈએ મને
બેન બનાવી મોટીનું બિરૂદ આપ્યું એ ધન્ય શુભ ઘડી, સાથે જ મારામાં વિશ્વાસ મૂકીને ગ્રુપની કૃતિઓનો પ્રતિભાવ આપવાની કામગીરી સોંપીને મારી પ્રતિભા ખીલવી.

સર્જક મિત્રોની કૃતિનો વીડિયો એડીટીંગ કરીને યુટ્યુબ પર મૂકીને દેશ-પરદેશમાં જાણીતા કરનાર મિનાક્ષી ભાભીનું કાર્ય ખરેખર પ્રશંસનીય છે.

મિત્રો, સ્નેહમિલનની શુભ ઘડીને વધાવવા ગીત તો ગાવું જ પડે ને!

આંગણે અવસર છે,અંતરમાં આનંદ છે (૨)
સાહિત્ય સરિતાના સ્નેહ મિલનનો, આનંદ અપાર છે (૨).
પ્રદિપભાઈ મિનાક્ષીબેન આવે છે, બહુમાન સૌનું કરે છે (૨)
બહુમાન કરીને,રાજી રાજી થાય છે (૨)
સર્જક મિત્રો આવે છે, સુંદર કૃતિ કંડારે છે (૨)
કૃતિનું રસપાન કરીને, આનંદ સૌ લે છે(૨)
આંગણે અવસર છે,અંતરમાં આનંદ છે (૨)
સાહિત્ય સરિતાના સ્નેહ મિલનનો, આનંદ અપાર છે (૨).

સંચાલક દંપતિની તડામાર તૈયારી અને સૌના સાથ સહકારથી આ શુભ ઘડીને યાદગાર સંભારણું બનાવીએ. ગમતાંનો ગુલાલ કરી સ્નેહ વર્ષામાં રંગાઈએ. સ્વસ્થ રહીએ,મસ્ત રહીએ અને લખતાં રહીએ
© વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.



વસ્ત્રાલ ખાતે આવેલ LG Show Room દ્વારા આયોજીત - એલ જી એક્સબુમ કરાઓકે ગીત સ્પર્ધા માં એક્સો ભાઇ બહેનો એ ભાગ લીધો હતો. જેમાં મ્યુઝિકલ લાઇફ આફ્ટર રીટાયરમેન્ટ અને મેવારિક્સ મ્યુઝિક ગૃપ ના શ્રીમતી મીનુ મોતિયાની વિજેતા બન્યા હતા તથા મ્યુઝિકલ લાઇફ આફ્ટર રીટાયરમેન્ટ અને મેવારિક્સ મ્યુઝિક ગૃપ ના અન્ય મેમ્બર અજીતભાઈ છગ, પ્રતિભા કોહ્માર્યા અને દિવ્યેશ શ્રોફ પણ ફાઇનલમાં પસંદ થયા હતા. વિજેતા મીનુબહેન્ ને LG તરફ થી ઇનામ માં કરાઓકે સિસ્ટમ આપવા મા આવી હતી.આ પ્રસંગે એડમીન શ્રી મનસુખભાઇ નાગર, જયેશભાઇ પાન્ડે અને ગ્રુપ ના અન્ય મિત્રો હાજર રહ્યા હતા.

# સરકારી વિભાગો અને મંત્રાલયો દ્વારા રૂા.૩૪૮.૫૭ કરોડની ગેરરીતિ

નવીદિલ્હી,તા.૨૧

કેગ દ્વારા કેન્દ્ર સરકારના ચાર મંત્રાલયો તેમજ અલગ-અલગ વિભાગો અને ચાર કેન્દ્રીય સાર્વજનિક ક્ષેત્રના ઉધમોના કુલ ૨૪ કેટલા કેસમાં રૂા.૩૪૮.૫૭ કરોડની ગેરરીતિ બહાર લાવવામાં આવી છે અને ભારે ચર્ચા જાગી પડી છે. સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિપક્ષ દ્વારા સરકાર પર આ મુદ્દા પર તડાપીટ બોલાવવામાં આવે તેવી શકયતા છે.

સંસદમાં આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે વિદેશ મંત્રાલયે પેરિસ (૨૦૧૧), વોશિંગ્ટન (૨૦૧૩), ભારતીય સાંસ્કૃતિ કેન્દ્ર (આઈસીસી) સ્થાપિત કરવા માટે બે સંપત્તીઓની ખરીદી કરી હતી પરંતુ તેને સમયસર ઉપયોગ માટે પુનઃ નિર્મિત કરવામાં આવી ન હતી. એટલા માટે તેના પર કરવામાં આવેલ કુલ રૂા.૪૧.૯૩ કરોડનો ખર્ચ નિષ્ફળ રહ્યો છે.એ જ રીતે ૩૦.૦૩ કરોડ રૂપિયાના ખર્ચથી ખરીદવામાં આવેલી આઈસીસી પેરિસની સંપત્તી જૂન-૨૦૨૨ સુધી બિન ઉપયોગી રહી હતી જેમાં એક સ્થાનિય સુરક્ષા એજન્સીને એક નિર્માણાધિન ઈમારત માટે ભાડાં પર આપવા માટે રૂા.૧૪.૮૯ કરોડનો ગેરકાયદેસર રીતે ખર્ચ કરવામાં આવ્યો હતો.

એ જ રીતે બિઝિંગ ખાતે આવેલ ભારતીય દૂતાવાસે ત્યાં દૂતાવાસ પરિસરના નિર્માણ માટે એક પેઢીને કામ સોંપ્યું હતું અને તેમાં પણ ગેરરીતિ આચરવામાં આવી હતી. ઓડિટમાં એવી હકિકત બહાર આવી છે કે, ભારતીય દૂતાવાસે ૮.૫૩ કરોડ રૂપિયાનું એવું ચૂકવણું કર્યું જેને બચાવી શકાતું હતું. વહીવટી સુધારામાં અને લોક ફરિયાદ વિભાગ એ સ્ટેટ ટ્રેડિંગ કોપેરિશન ઓફ ઈન્ડિયા લિમિટેડ પાસેથી કાર્યાલયની જગ્યા ભાડેથી લીધી હતી જેને કામકાજ માટે ઉપયોગી બનાવવા માટે વ્યાપક નવીનીકરણ કાર્યની આવશ્યકતા હતી.ડિસેમ્બર-૨૦૨૦થી આ જગ્યા ભાડેથી લેવામાં આવી હતી પરંતુ નવીનીકરણની પ્રક્રિયા ૨૦૨૧ના સપ્ટેમ્બરમાં શરૂ થઈ જેના પરિણામે ૯ મહિનાના ભાડાં માટે કુલ રૂા.૧૩.૨૬ કરોડનો બિન જરૂરી ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ, અલગ-અલગ સરકારી વિભાગો અને મંત્રાલયોના વિભાગો દ્વારા મોટી ગેરરીતિ આચરવામાં આવી હોવાની સ્ફોટક માહિતી કેગના રિપોર્ટમાં બહાર આવી છે અને સંસદમાં આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે અને આજે આ મુદ્દા પર વિપક્ષ દ્વારા સરકાર પર તડાપીટ બોલાવવામાં આવે તેવી પણ સંભાવના છે.

# INDIA:Tryst with Destiny with the ambition "to wipe every tear from every eye"

In recent years I have tried to understand the debate about the direction and future India has taken in its Constitutional boundaries and matters relating to the core principle of Governance. Most critics of the incumbent administration and its moral compass are still revolving around the actions and inaction of the opposition. In this category, most journalists and academics with analytic mindsets are still fiddling with the communication language that revolves around a political spectrum that is failing to penetrate the venire created by the political dynamics in the history of India, both pre and post-independence. In its broader context history, when written about this transition era of changing political platforms, I suspect there will be a missing narrative on both the drive towards unadulterated Capitalism and its preference for a serious commitment to adopting the Laissez-Faire style economy. The debate below the radar of the right-wing capitalist interests is still very weak to convey the message to those affected by the foundation of economic changes, particularly those in and below the middle range of the middle classes and those tittering at the edges of poverty.

The Poorest where once India was successful in lifting millions out of poverty (A United Nations Development Program (UNDP) report indicated that between 2006 and 2016, 271 million Indians were lifted out of poverty). In 2019 under the new administration's policies that are hell-bent on driving the economy towards full-blooded capitalism, India saw its unemployment rise to a 45-year high level. Even the nature of capitalism should be built on the principle of strengthening of 'homegrown' capacity that protects its resources, the well-being of the market forces, and the affordability of the domestic consumers first. Global cooperation and technology share are the norms of modern trade. However, it can not be sustainable if it generates sizable employment abroad and injects financial drain in foreign exchange at the cost of its stability. Suppose the new approach allows a potential chock-hold on India's economy and domination of the consumer market and infrastructure through attractive propositions of FDI and easy-to-business facilities backed by the banking liberalisation of NPAs while reforming Bankruptcy laws facilitating a significant drain on funds. In that case, it will prove a predictable disaster by any economic standards. It can not be prudent management to promote capitalism when the result could bring disaster for small and medium-scale domestic manufacturing industries and small businesses that are key to generating employment.

The reports in April 2022 indicated that a significant number of India's 900 million workforces stopped looking for jobs as there were no jobs to go to in both the public and private sectors combined. With India betting on young workers to drive growth in one of the world's fastest-expanding economies, the latest numbers are an ominous harbinger. The social welfare protection net is being thinned out to provide for sporadic handouts that match the political interests of the ruling party rather than build around a strategic planning framework within the budget itself. The policies have been unfavourable for the growth of small and medium-scale home-grown industries and farming communities.

The trend is now to become import-oriented consumer market domination; at the lower end are the Chinese goods, and at the higher end, the western nations are waiting to flood their expensive goods to satisfy the test buds of the rich and the very rich. The opening doors to FDI in almost all sectors are a recipe to allow the new modern 'East-India' companies or corporate houses to place their roots in India's sovereign state. The indigenous partners would have a larger role in being a conduit to drain the Banking Loan facilities and securing huge benefits in obtaining highly subsidising land, electricity and other requirements.

Before 2014, India was in league with China as the fastest-growing nation that the western powers were concerned with. Today, India conducts trade with China while willingly taking a trade deficit of at around $51.5 billion from April-October (2022). The import stood at $60.27 billion, while exports aggregated at $8.77 billion (Published in Dec 2022). Going back to the 2017 PTI report, Adani Group signs MoU with top Chinese firm - East Hope Group – to invest $300 million to set up manufacturing units in Mundra's special economic zone in Gujarat. The memorandum of understanding (MoU) signed between Adani, and East Hope Group proposes to produce solar power generation equipment, chemicals, aluminium and animal feed. East Hope, the Chinese counterpart signing the MoU, is a renminbi 70 billion group, one of the largest corporate houses in China, with business interests in aluminium, polysilicon, power and animal feed.

Globally there is serious concern about the expansion of Chinese influence, and India is a reference point that China backs Pakistan. China has also increased its influence in neighbouring Nepal, Sri Lanka and Bangladesh over recent years.

What is also hidden from the public by the mainstream media is that Chinese firms are involved in infrastructure initiatives such as power generation, communication and transport. While the average population in India is being hypnotised through events management to show their leader is giving a befitting response to the enemy -China-the reality is different as China has been successfully expanding its influence in India's economic equation!It is a notable approach where the present government where India has become amongst the world's largest arms importers, accounting for 11 per cent of global imports, according to the Stockholm International Peace Research Institute (SIPRI). It has a new policy of increasing India's arms import dependence.Let us not forget the well-planned propaganda designed to create a narrative among the supporters of 'Capitalism' about the image of Pandit Jawaharlal Nehru that he was more sympathetic to the USSR! Among these was the most famous say that was reemphasised over and over, indicating that Nehru did not heed the warnings of Sardar Patel over China. Their supporters are being kept oblivion that they still smash their Chinese-made television sets and other domestic gods to show contempt towards China. Yet behind the whale of silence by the mainstream media, the critics of Nehru were operating a dramatic volt-face policy of appeasement to China and Russia. The significance of this point is that India has a new direction that has moved away from self-reliance and strengthening the infrastructure of its economic base and manufacturing, now relying more upon importing goods, services and manufacturing technology, gradually eroding its home-grown capacity.

In a pretend of the fastest growing economy, the purpose of development and reasonable governance provisions are to be compromised to a level that both the effective purpose and functioning of parliament are eroded. The process and the net impact endanger the independence of the Judiciary and the entire criminal justice system and the independence of banking and regulatory bodies, and it defies the very norms and values of India's constitution itself. The very foundation of democracy is to provide an open, transparent, caring society.

In December 2017, US House Majority Leader Steny Hoyer invoked Mahatma Gandhi and India's first prime minister Nehru in his speech. Senator Hoyer said, "India, like America, is proud of its ancient traditions to secure a future according to Gandhi's teaching and Nehru's vision of India as a secular democracy where respect for pluralism and human rights safeguard every individual."

The significance of these ideas on which India was founded in 1947 was still recognised in 2017 on international soil. It reflected on two central political edicts founded during the era of the independence struggle and, after that, the formation of the constitution of India and practices for over six decades. It was all about secular democracy, where respect for pluralism and human rights safeguard every individual in the first place. It will be an offence to the people of India and humanity if the nation is driven towards a one-party state with faith supremacy as its driving principle. Something that the Nazi Führer Adolf Hitler was engrossed in Germany.As the population of India see the erosion of public services such as Education and Healthcare state provisions, most are left at the mercy of exuberant exploitation by the fastest-growing private sector in their villages and towns. A huge inequality gap in procuring affordable access to these essentials is dividing between those who have and have not. The Senator hinted at a subtle reference to the state's welfare and care access obligation towards its people. He recalled the famous address of India's First Prime Minister, Pandit Jawaharlal Nehru, on the eve of Independence known as "Tryst with Destiny" with the ambition "to wipe every tear from every eye" and that "as long as there are tears and suffering, so long our work will not be over." Mahatma Gandhi's favourite bhajan, ' Vaishnav jan to tene kahie je pid parai janere', caried the same sentiments. It was about emphasising the state 'morality' in care that bound the Indian national congress and its party well after so many decades. A defining battle between capitalist and socialist boundaries separates the BJP and the Democrats of the USA. "In that sense, the work of our countries is not over," Hoyer said.

Buddhdev Pandya MBE
Thought of the Day
December 2022 Mobile: 0777 629 1298
b u d d h d e v p @ googlemail.comBuddhdev Pandya MBE



મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લી શ્રી,એસ.કે.શાહ. એન્ડ શ્રી કૃષ્ણ ઓ.એમ.આટર્સ કોલેજ,મોડાસા અને મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લીના સંયુકત ઉપક્રમે "ધરેલું હિંસા અધીનીયમ-૨૦૦૫" અંતર્ગત કાયદાકીય જાગૃતિ સેમીનાર તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓના માર્ગદર્શન અગેનો સેમિનાર શ્રી,એસ.કે.શાહ.એન્ડ શ્રી કૃષ્ણ ઓ.એમ.આટર્સ કોલેજ કેમ્પસમાં યોજાયો.

કાર્યક્રમના સમારંભના અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ વી શાહ(મામા) ઉપપ્રમુખશ્રી મ.લા.ગાંધી.ઉત્તર કેળવણી મંડળ મોડાસા, શ્રી હસીનાબેન જી મનસુરી, મહિલા અને બાળ અધિકારીશ્રી, મહિલાઓને મળેલા અધિકાર અને સમાજમાં થતી ઘરેલું હિંસા વિશે વિસ્તૃત સમજ આપેલ. તેમજ શ્રી રાકેશભાઈ પ્રજાપતિ, કે.એ.મોદી સ્જીઉ કોલેજના આચાર્યશ્રી,એ કાયદા વિષયક માર્ગદર્શન અને સમાજમાં થતી હિંસા વિશેની વિસ્તૃત માહિતી આપેલ.

તેમજ ડૉ નરેશભાઈ વી મેણાત, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી, એ સમાજમાં થતી ઘરેલું હિંસા વિશે અને જિલ્લામાં થતા ઘરેલું હિંસાના કેસો વિશે ની વિસ્તૃત માહિતી આપેલ. તેમજ મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીમાં ચાલતી વિવિધ મહિલાલક્ષી યોજનાકીય માહિતી આપવામાં આવી તથા સખી વન સ્ટોપ સેન્ટર,પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર અને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની વિસ્તૃત માહિતી ડેમોસ્ટ્રેશન ધ્વારા આપવામાં આવી.તેમજ રોજગાર કચેરી ધ્વારા રોજગાર અને અનુબંધન પોર્ટલ વિશેની માહિતી આપવામાં આવી.

# "ભારત જોડો" યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી ૨૦૨૩ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં "હાથ સે હાથ જોડો" અભિયાન


"ભારત જોડો" યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી ૨૦૨૩ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં દરેક ગ્રામ પંચાયત અને મતદાન મથકના વિસ્તારને આવરી લે તે રીતે "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાનું આયોજન કરીને રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોચાડવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, શહેર જીલ્લા પ્રમુખશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાના આયોજન માટે એક અગત્યની બેઠક મળી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, શ્રી રાહુલ ગાંધીની આગેવાનીમાં ભારત જોડો યાત્રાનો ઉદ્દેશ્ય ભારતને એક કરવાનો છે. સાથે આવવાનો અને આપણા રાષ્ટ્રને મજબૂત કરવાનો. આ યાત્રા ૭ મી સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થઈ હતી અને ૧૨ રાજ્યોમાંથી પસાર થશે, જે જમ્મુ અને કાશ્મીરમાં પરિણામવાની છે અને તેનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે.

રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે, ભારત જોડો યાત્રા - લગભગ ૧૫૦ દિવસના સમયગાળામાં લગભગ ૩,૫૦૦ કિલોમીટરનું અંતર કાપશે. યાત્રાને પહેલેથી જ અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે;

આજે આ યાત્રા ૧૦૪ દિવસ અવિરત રોજના ૨૫ કિ.મી. ચાલીને આપણા રાષ્ટ્રને વિભાજિત કરી રહેલા આર્થિક, સામાજિક અને રાજકીય મુદ્દાઓ સામે અવાજ ઉઠાવી રહી છે અને કોંગ્રેસના નેતાઓની સાથે લાખો લોકો આંદોલનમાં જોડાયા છે. આ યાત્રા પ્રચંડ બેરોજગારી અને મોંઘવારી, નફરત અને વિભાજનની રાજનીતિ અને આપણી રાજકીય વ્યવસ્થાના અતિશય કેન્દ્રીકરણને સંબોધવા માંગે છે જીવનના તમામ ક્ષેત્રના લોકો આ ઐતિહાસિક ચળવળનો ભાગ બનવા માટે એકઠા થઈ રહ્યા છે.





તે ભારતની એકતા, તેની સાંસ્કૃતિક વિવિધતા અને તેના લોકોના અવિશ્વસનીય મનોબળની ઉજવણી છે.

બેઠકમાં સર્વાનુમત્તે "ભારત જોડો" યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી ૨૦૨૩ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં દરેક ગ્રામ પંચાયત અને મતદાન મથકના વિસ્તારને આવરી લે તે રીતે "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાનું આયોજન કરીને રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોચાડવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રદેશ બેઠકમાં રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખશ્રી લલીતભાઈ કગથરા, શ્રી જીગ્નેશભાઈ મેવાણી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતાશ્રી સુખરામ રાઠવા, ધારાસભ્યશ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી કીરીટભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ ઠાકોર, શ્રી અમૃતજી ઠાકોર એ.આઈ.સી.સી.ના મંત્રી અને ગુજરાત સંગઠનના સહપ્રભારી શ્રી ઉષા નાયડુ, શ્રી બી.એમ. સંદિપ, પ્રદેશ અગ્રણી શ્રી જયનારાયણ વ્યાસ, એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી સોનલબેન પટેલ, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, એન.એસ.યુ.આઈ.ના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી સહિત શહેર જીલ્લા પ્રમુખશ્રીઓ, પ્રદેશ આગેવાનશ્રીઓ, પ્રદેશના પદાધિકારીશ્રીઓ, સેલ-ડીપાર્ટમેન્ટના પ્રમુખશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા પ્રદેશ પ્રવક્તાશ્રીઓ હાજર રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા
મો. ૯૮૯૮૨૩૩૦૩૮

# વિદ્યાર્થીઓનો જંગલ વિસ્તારમાં અભ્યાસ





વિદ્યાર્થીઓ વનવિસ્તારને નજીકથી જાણતા થાય, પર્યાવરણનો અભ્યાસ કરે અને તેમનામાં ટ્રેકિંગનો શોખ કેળવાય તે હેતુથી ગુજરાત રાજ્યના રમતગમત- યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા'આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત' રાજ્યના યુવક-યુવતીઓ માટે 'વનવિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ'યોજ્યો હતો. આ કેમ્પમાં ભાગ લેવા માટે ૭૦૦થી વધારે વિદ્યાર્થીઓની અરજી આવી હતી. સમગ્ર ગુજરાતમાંથી ૪૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. વનવિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ તારીખ ૧૦/૧૨/૨૦૨૨ થી ૧૯/૧૨/૨૦૨૨ દરમિયાન ગુપ્ત પ્રયાગ,દેલવાડા થી સોમનાથ સુધી યોજાયો હતો.

જેમાં ૨ વિદ્યાર્થીઓ હર્ષલ પંચાલ અને અક્ષય નાગરની પણ પસંદગી કરવામાં આવી. આ અંગે વાત કરતા એમ. એન . લૉ કોલેજના વિદ્યાર્થી હર્ષલ પંચાલ કહે છે કે આધુનિક દુનિયામાં લોકો જંગલોના મહત્વને ભૂલતા ગયા છે ત્યારે આવા કેમ્પો જ મનુષ્યને પ્રકૃતિના ખોળામાં લાવે છે. આ કેમ્પમાં અમને વનવિસ્તારને નજીકથી જોવાનો અને તેના વૃક્ષોને તેમજ વન્ય પ્રાણીઓને સમજવાનો મોકો મળ્યો. તેમજ આ કેમ્પ મને જંગલના નિયમો અને તેના કાયદાઓનો સમજવામાં સહાય થયો. આ કેમ્પનો અન્ય હેતુ પ્રાચીન સંસ્કૃતિથી વિદ્યાર્થીઓને અવગત કરવા અને તેમના વચ્ચે ભાઈચારો વિકસાવવાનો હતો.

કોલેજના અન્ય વિદ્યાર્થી અક્ષય નાગર કહે છે કે આ કેમ્પમાં દસ દિવસ દરમિયાન અમે ૧૪૫ કિલોમીટર જેટલું વન પરિભ્રમણ કર્યું.

આ પરિભ્રમણ દરમિયાન અઢળક વૃક્ષોની પ્રજાતિ, ધોધ, ડુંગરો,ગુફાઓ,નદીઓ, વન્ય પ્રાણીઓની પ્રજાતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગીર સોમનાથ જિલ્લાના યુવા વિકાસ અધિકારી એચ.ડી. મકવાણા કહે છે કે શારીરિક તેમજ માનસિક અને આધ્યાત્મિક તંદુરસ્તીની સાથો સાથ રાષ્ટ્રની સંસ્કૃતિ અને પ્રકૃતિ અને કુદરતી સંપત્તિના અણમોલ ખજાનાથી પણ યુવાનો પરિચિત બને એટલું જ નહીં કુદરતી સંપત્તિનું રક્ષણ અને જાળવણી કરવામાં તેમની શક્તિઓને કામે લગાડે, કુદરતી સંપત્તિની જાણકારી, ઉપરાંત સાહસિકતા કેળવાય તે માટે આ વનવિસ્તાર પરિભ્રમણ પગપાળાનું આયોજન કરવામાં આવ્યું.

# સરઢવ ગામે રેવાબાઈ જનરલ હોસ્પિટલની મુલાકાત કરતા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ

## સરઢવ ગામના જનતાનગર ખાતે પીવાના પાણીના નવીન બોરનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ





ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વિસ્તારના સક્રિય અને યુવા મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનભાઈ પટેલે કાર્યક્ષેત્રના સરઢવ ગામે સ્થિત રેવાબાઈ જનરલ હોસ્પિટલ ની મુલાકાત કરી હતી જ્યાં તેઓએ હોસ્પિટલના વ્યવસ્થાપન, ઉપલબ્ધ સુવિધાઓ, સારવાર પદ્ધતિઓ સહિતની કામગીરી અંગે જાણકારી મેળવી સમીક્ષા કરી હતી તેમજ દર્દીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ ઉપરાંત સરઢવ ગામના જનતાનગર ખાતે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે પીવાના પાણીના નવીન બોરનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં સરપંચશ્રી,તાલુકા પંચાયતના સદસ્યશ્રી તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ગુજરાત વિદ્યાપીઠમાં સ્વચ્છતા અભિયાનના સમાપન પછી વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે કુલપતિ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પેટછૂટી ગોષ્ઠી

**વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ દરરોજ એક કલાક ઈમાનદારીથી સ્વચ્છતા માટે શ્રમ કરવાના સંકલ્પ લીધ**

**વિદ્યાપીઠ પરિસરમાંથી ચાર દિવસમાં ૫૯૪ મેટ્રિક ટન જેટલા કચરા અને ભંગારનો નિકાલ**



રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે પણ ગુજરાત વિદ્યાપીઠ સંકુલની મુલાકાત લઈને શ્રમદાન કર્યું હતું. શ્રમદાન પછી શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાપીઠ સંકુલમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે પેટ છૂટી ગોષ્ઠી કરી હતી. તેમણે કહ્યું હતું કે, મહાત્મા ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા તેમના દ્વારા સ્થાપિત આ સંસ્થામાં ગંદકીને કોઈ જ સ્થાન નહીં હોવું જોઈએ. સમગ્ર વિદ્યાપીઠ પરિસરમાં હવે સફાઈ થઈ ગઈ છે સૌએ સાથે મળીને આ સ્વચ્છતાને યથાવત અને બરકરાર રાખવાની છે. તેમણે સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સ્વચ્છતાને આદત બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા અને કહ્યું હતું કે, દરેક વિદ્યાર્થી દરરોજ એક કલાક ઈમાનદારીથી આ પરિસરની સફાઈ કરે. તેમણે કહ્યું હતું કે, મારું સ્વચ્છતા અભિયાન અહીં પૂરું થાય છે. હવે ગુજરાત વિદ્યાપીઠ પરિસરની સ્વચ્છતાની જવાબદારી અહીં રહેતા અને ભણતા છાત્રો અને શિક્ષકોની છે.જે કામ કરતાં ભય, લજ્જા કે શંકા જાગે તે કામ કરવા યોગ્ય નથી, જે કાર્યમાં ઉત્સાહક અને આનંદ પેદા થાય એ જ કામ કરવા યોગ્ય છે એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, પરિશ્રમી બનો, સત્યના માર્ગે ચાલો, ઈમાનદારીથી મહેનત કરો, ભણો અને આ સંસ્થાના નિયમોનું ચુસ્ત પાલન કરો. આદર્શ નાગરિક બનો. તમારું જીવન જ તમારો સંદેશ બને એવું જીવન જીવો.ગુજરાત વિદ્યાપીઠ પરિવારના એક વડીલ તરીકે સંબોધન કરતા તેમણે છાત્રો અને શિક્ષકોને કહ્યું હતું કે, અસત્યનો અંચડો ઓઢીને આપણે સત્યની માત્ર વાતો કરીને સમસ્યાનું સમાધાન લાવવાનો પ્રયત્ન કરીએ તો તે આપણો પોતાની જાત સાથે અને પૂજ્ય ગાંધીબાપુ સાથે મોટો વિશ્વાસઘાત છે. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠમાં અત્યારે જે કાંઈ પણ, જે રીતે ચાલી રહ્યું છે તે હવે નહીં ચાલે. અહીં હવે એ જ ચાલશે જે પૂજ્ય ગાંધીબાપુનો સંકલ્પ છે.

તેમણે કહ્યું હતું કે, પ્રકાશ જ એ વાતનું પ્રમાણ છે કે સૂર્ય ઉદય થઈ ચૂક્યો છે. આપણે સારા છીએ કે નહીં, સાચા છીએ કે ખોટા છીએ; એ બાહ્ય આડંબરથી ખબર નહીં પડે. દુનિયાના લોકો જ આયનો છે, એ જ દર્શાવે છે કે આપણે ક્યાં છીએ. બનાવટી જિંદગી લાંબી નથી ચાલતી, અસત્યનો પર્વત ગમે તેટલો ઊંચો હોય સત્ય તેને પળભરમાં ધરાસાયી કરી શકે છે. અંધકાર ગમે તેટલા વિસ્તારમાં ફેલાયેલો હોય, પણ એક નાનકડા દીવાની જ્યોતમાં તેને દૂર કરી શકવાની ક્ષમતા છે. સત્ય એક પ્રકાશ છે, તેને ઢાંકી રાખી શકાતું નથી. સાદગીનો મતલબ ગંદકી નથી, આપણે આ ગંદકીમાંથી બહાર નીકળવાનું છે.જે વિદ્યાર્થી-જે છાત્રનો રૂમ અસ્તવ્યસ્ત પડ્યો હોય એ વિદ્યાર્થીનું મન પણ અસ્તવ્યસ્ત જ રહેવાનું. એમ કહીને આચાર્યશ્રી દેવવ્રતે જણાવ્યું હતું કે, હવે સમગ્ર વિદ્યાપીઠ પરિસરમાંથી ગંદકી દૂર થઈ ગઈ છે. રમતગમતનું મેદાન સાફ થઈને તૈયાર થઈ ગયું છે. હવે દરેક વિદ્યાર્થી નિયમિત રૂપે ગ્રાઉન્ડમાં જાય અને રમે. રમતગમતના સાધનો લાવો અને રમો.ગુજરાત વિદ્યાપીઠના સ્વચ્છતા અભિયાન અંતર્ગત સંકુલમાં અનુસ્નાતક છાત્રાલયની નવી અને જૂની બિલ્ડીંગ, પ્રાણજીવન વિદ્યાર્થી ભવન, મહેમાનગૃહની આસપાસનો વિસ્તાર, એમ. ફીલ. બિલ્ડીંગ, નવી અને જૂની કન્યા છાત્રાલય તથા આદિવાસી સંગ્રહાલય બિલ્ડીંગની આસપાસના વિસ્તારની મોટા પાયે સફાઈ કરવામાં આવી છે.શ્રી આચાર્ય દેવવ્રતજીએ આદરેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાંથી સાત દિવસમાં ૩૦ ટ્રકના ૫૨ ફેરા અને છ ટ્રેક્ટરના ૨૮ ફેરા દ્વારા ૫૯૪ મેટ્રિક ટન જેટલા કચરા અને ભંગારનો નિકાલ કરવામાં આવ્યો છે. સમગ્ર કામગીરીમાં ૧૭૦ જેટલા સફાઈકર્મીઓ અને ગાર્ડન વિભાગના કર્મચારીઓની સેવાઓ લેવામાં આવી હતી.ગુજરાત વિદ્યાપીઠમાં મોટા પાયે હાથ ધરાયેલા સ્વચ્છતા અભિયાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જ્યાં જેસીબી દ્વારા સફાઈ કામ કરવામાં આવ્યું ત્યાં દસ ટેક્રો દ્વારા ૮૦ હજાર લિટર ટ્રીટેડ પાણીનો છંટકાવ પણ કરવામાં આવ્યો છે. વિદ્યાપીઠનું રમતગમતનું મેદાન જે કચરાથી ભર્યું પડ્યું હતું, તેને સમતળ કરવામાં આવ્યું છે. રમતગમતના મેદાનમાં ૨૦ ટ્રક ભરીને ૧૪૨ ટન જેટલી માટી નાખી તેને રમવા યોગ્ય કરવામાં આવ્યું છે. ૧૨ ટન કચરાનો ગાર્ડન વિભાગ દ્વારા નિકાલ કરવામાં આવ્યો છે. ૧૭૦ જેટલા સફાઈકર્મીઓની સેવાઓ લેવામાં આવી છે.

ગુજરાત વિદ્યાપીઠ પરિષદના તમામ આંતરિક માર્ગો પર બોબગકેટ સ્વિપિંગ મશીન ફેરવીને રસ્તાઓને ડસ્ટ ફ્રી કરવામાં આવ્યા છે. સ્પૉટ ટુ ડમ્પ ગાડી દ્વારા બિલ્ડીંગ વેસ્ટ અને કાટમાળ ઉપાડવામાં આવ્યો છે. જ્યારે રોજે રોજ ડોર ટુ ડોરની ગાડી દ્વારા વિધાપીઠ પરિસરમાંથી કચરો એકત્ર કરવામાં આવ્યો છે.સાત દિવસના સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાંથી વૃક્ષોનું પણ વ્યવસ્થિત ટ્રીમિંગ કરીને ટ્રકના ૨૬ ફેરા દ્વારા ગ્રીન વેસ્ટ ઉપાડીને તેનો નિકાલ કરવામાં આવ્યો છે. ૧૫ જેટલા માળી અને શ્રમિકોએ સાથે મળીને ૭૦૦ ચોરસ મીટર વિસ્તારમાં નિંદામણ અને સાફ-સફાઈ કરી છે. ૨૫ જેટલા વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવ્યું છે. દિવાલો પર ઊગી નીકળેલા ઘાસ, પીપળા અને અન્ય વેલાઓની હાઈડ્રોલિક વાન દ્વારા સફાઈ કરવામાં આવી છે.

# ગુજરાતમાં આગામી દિવસમાં ઠંડીમાં વધારો થશે તેવી હવામાન વિભાગે આગાહી

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં ધીરે ધીરે હવે શિયાળો જમાવટ કરી રહ્યો છે. દિવસ દરમ્યાન હજુ પણ થોડી ગરમીનો અહેસાસ થાય છે. જોકે, વહેલી સવારે અને સાંજ પછી ઠંડા પવનો ફૂંકાવાના શરૂ થતા ઠંડીનો ચમકારો અનુભવાય છે. ત્યારે આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતા છે એવી આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ખાસ કરીને લોકો ઠંડીથી બચવા ગરમ કપડાં પહેરવાની સાથો-સાથ કચરીયું, તલ અને સીંગની ચિક્કી, દેશી ગોળની બનાવટો, અડધિયાં પાક, મેથી પાક, વસાણા જેવી પરંપરાગત વાનગીઓ પણ શિયાળામાં ખાતા હોય છે. આ વસ્તુઓનું સેવન કરવાથી શરીર ગરમ રહે છે અને ઠંડી સામે રક્ષણ મળે છે.ગુજરાતમાં આગામી દિવસમાં ઠંડીમાં વધારો થશે તેવી હવામાન વિભાગે આગાહી કરી હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી સમયમાં ગુજરાતમાં હૂંફાળા વાતાવરણનો આવશે અંત અને ઠંડીનો ચમકારો વધશે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલ વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઇ મોદીની સૌજન્ય મુલાકાતે



**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલ ગુજરાતના મુખ્યમંત્રીપદનું સેવાદાયિત્વ બીજીવાર સંભાળ્યા પછી બુધવાર, ૨૧મી ડિસેમ્બરના રોજ દિલ્હીની એક દિવસીય મુલાકાતે ગયા છે.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.